શ્રી

જૈન ગુણ મધુર સ્તવનાવળી

સાહાપુર જૈન જ્ઞાનોદય સભા તરફથી
છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. જેસંગભાઈ ઉમેદરામ.
તથા
શા. દાહ્યાભાઇ મયાચંદ

પ્રત ૧૦૦૦

અમદાવાદ
સિવિહલ હાસ્પીતાલ સામે શેઠ. પાનાભાઇની
વાડાનાં મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં
ઇશ્વરદાસ જેઠભુદાસે છાપી.
સંવત ૧૯૫૩ સને. ૧૮૯૭

કીમત ૦—૧—૬ પાઇ

મારા સ્નેહી અને સદગુણી;

મીત્રો તમો ઉદાર દીલ

ના માહારા દરેક કાં

મમાં મદદ આપ

નાર પ્રમાણીક

છો તેથી કરી

આપનો ઉ

પકાર

માનુ

છું.

૬૮૮૪

શ્રી જૈન ગુણ મધુર સ્તવનાવળી.

ગાયન ૧ રાગ નમીએ પ્રીતે.

રસીઆ વશીઆ નીશદીન હે પ્રભુ મુજ મનમાંહ્
રૂમઝુમ રૂમઝુમ ઝનનનનન
તારોને તારોને પ્રભુ તનનનનનન.
તોઅત તોઅત ઢીડ ઢીડ ધા ધા ધા.
નમી નમી સૌ મળી ગાઓ ગીતસા.
રી, ગ, મ, પ, ધ, ની, સા.
સારીગ, રીગમ, ગમપ, મપધ પધની, ધનીસા.
સારી સારીગ, રીગ રીગમ, ગમ ગમપ, મપમપધ.
ધધપધની, ધનીધનીસા; રસીઆ.

ગાયન ૨ રાગ મહારાજ કુંવર આવો.

મહાવીર અમે આવ્યા સૌ શરણે તમારા;
ભવ બહુ કેમ ભમાવ્યા, ઓ તાત અમારા
છો સ્વામી શીરનામી ગુણગામી. મહા વીર.
કરૂં નમન સીરનામી, ગુણ ગાઉ મહારાજ;
મહારાજ મોક્ષ ગામી, હું નમન કરૂં આજ;
જીને વંદતી રૂદય ભામી, તજી દેવ કામીને,
[illegible] પોષતી ના ખામી, પ્રભુ ચરણ ધ્યાનીને,

કહુ છુ સુખ, કાપો દુઃખ, આપો સુખ. માહા વીર.
છો જગત પ્રતીપાળ, પ્રભુ દેવ છો દયાળ;
કરજોડી વીનતી માહાવીરજી, કરૂ છું આજ;
છો આધાર, તારનાર, સભા નમે છે સ્વામી આપને.
છો સ્વામી વીસરામી, ગુણ ગાંમી માહાવીર.
શાહાપુર સભા સૌ શુણજો, વીનંતી કરૂ આજ;
મળે જો માહાવીર સ્વામી, રાખે અમારી લાજ;
છો માહારાજ, રાખો લાજ, આવી આજ. માહાવીર.

ગાયન ૩ રાગ જપતી પ્રીતમની.

રીખવજી વંદુ વારંવાર, મુરતી મોહન વેલી;
હરખ ધરીને આગી રચાવુ વેહેલા;
મેહેકે ગુલાબનાં ફુલ, અંગે અત્તર ચોળી. રીખવજી.

સાખી.

માથે મુગટ સોહામણો, કંઠે મુગતા હાર;
કાંને કુંડળ શોભતાં, કેહેડે કદોરો સાર;
અતી હરખાઉ હુતો, કેશર ઘોહોળી. મેહેકે

સાખી.

હરખ ધરીને હું નમું, હે મારા શીરતાજ
કરજોડી પ્રભુ વીનવું, દરિશન દો માહારાજ;
શાહાપુર મંડળી નમે છે વેહેલી વેહેલી. મેહેકે.

ગાયન ૪ રાગ અલબેલીરે અંબે માત.

ચાલો ચાલો ચીંતામણ પાસ, પ્રભુ મુખ જોવાને;
ચાલો ચાલો સભાજન આજ, પ્રભુ મુખ જોવાને.

આવો તમો સૌથી પેહેલાં;
ગુણો ગાવ્યો પ્રભુના વેહેલાં.
અક્ષત પુષ્પ હાથમાં લેવાં.
કરૂ મારા પાર્શ્વની સેવા.
એતો મારા હાથે કરીશ.
ગુણ આરતીઓ સૌ ગાઓરે પ્રભુ મુખ.
આરતીઓ આમ ઉતરાએ.
ગુણો બાઇ આમ ગવાએ.
પ્રભુજીને હાર નંખાએ,
મારે મન હરખ ના માએ.
એવી અરજ કરૂ છું આજ. પ્રભુ મુખ.

સ્તવન ૫. રાગ પ્રીતમ આ પ્રમાણે છે.

આદેશ્વરને હું નમું, વારી વારી;
અજાયબ આંગી શ્રી, તારી તારી.
હરખ ધરી હું સેવા બજાવું;
પ્રભુ દીન દયાળ છો, વારી વારી.

સાખી.

સાહાપુર જૈન મંડળી પ્રભુ, અરજ કરે છે આજ;
કર જોડી પ્રભુ વીનવું, દરિશન દો માહારાજ.
સેવા બજાવું, અતી હરખાઉં; * * *
તુજ મેહુ તારણ હારછો, વારી વારી. આદેશ્વર.

સ્તવન ૬ રાગ ચમકી ચમકી ચતુરા.

માહાવીર માહાવીર અમોને તારો, આ ભવમાંથી ઉગારો;

આવ્યોછું આવ્યોછું પ્રભુ આજે, હું ઉગરવાની કાજે.
મેં પાપ મેં પાપ કીધાછે ભારી, નથી ઉગરવાની બારી;
સ્વામી સ્વામીજી સીવ સુખ આપો, આ કષ્ટ અમારાં કાપો.
સ્વામી સ્વામી છો અંતરજામી, મારા દુખમાં નથી કાંઇ ખામી;
આ ભવનો આ ભવનો ટાલો ફેરો, મારાં પાપે મુજને ઘેર્યો.
હું ભુલ્યો હું ભુલ્યોછુ બહુ ભારી, આગ્ના માંનીસ તમારી;
પ્રભુ પ્રભુ શી ખુબી તમારી, સાહાપુર સભા જો તારી.

ગાયન. ૭ રાગ થઇઆછો રે પતી તેજ.

પ્રભુ પ્યારા ચીંતામણ સ્વામી, વસી રહ્યા મન આજે;
રાજ નગરનાં સૌ નરનારી, દરસન કરવા કાજ. હાં.
જ્યીંવારે સૌ આવે, દુઃખ જાવે, સુખ પાવે;
પ્રભુજી પ્યારા તુંમ દરિશનથી, ભવી ભ્રમણા ભાંજે. પ્રભુ પ્યારા.
રાજપુરમાં આપ બીરાજો, દયા કરો દાતાર. હાં.
જગ સ્વામી, વીસરામી. સુણુ ગાંમી, નથી ખાંમી;
ચીંતાંમણ સ્વામી સાહેબ મેરા, જય જય જીનરાજે પ્રભુ પ્યારા.
ફુલ તોરાકી આંગી ચડાવી, હરખ ધરી આવાર. હાં.
જયવંતા, અરીહંતા, દુઃખ હરતા, સુખ કરતા;
કરજોડી સાહેબ વીનવું, પ્રભુ દરિશન દ્યો આજે. પ્રભુ પ્યારા.

ગાયન ૮ રાગ હરમાં તું દીલ સાથ.

છો પ્રભુ તારણહાર, અજીત જીનછો પ્રભૂ તારણહાર;
મુને તુમ તણો આધાર, અજીત જીનછો પ્રભુ;
તમો માયાળું દીન દયાળું;

નીત્ય તમારી, હું પુજા રચાવું.
ફુલ ગુલાબની, આંગી બનાવું;
નીત્ય નવા નવા, હાર ગુંથાવું;
હેત ધરી આપના, ગુણ ગાવું;
આ ભવ રૂપી સમુદ્રમાં ડુબું છું માટે તારો;
મુને તુમ તણો આધાર; પ્રભુ. અજીત.
અવીચળ નામી જગ વીસરામી;
આપની મુરત મોહનગારી;
તે દેખીને દીલ હરખ્યું છે ભારી;
કેહેડ કંદોરાની સોભા છે સારી.
મુસ્તક મુગટ તીલક ભારી;
આ અવલોકીક સોભા દેખી હું ઘણો હરખાયો.
તમો ત્રણ જગતના આધાર પ્રભુ અજીત.

સ્તવન ૯ રાગ સું નટવર વસંત.

શ્રી સાંતી જીણુંદ, છો મારા શીરતાજ,
છો મારા સીરતાજ, રાખો ગરબોની લાજ. શ્રી.

સાખી.

નીત્ય આવી પ્રભુ હું નમું, સાંતી જીન સુખ કાજ,
મેહેર કરી સ્વામી મુને, ઉતારો ભવ પાર;
આપ વીના પ્રભુ, આ દસા અમારી;
કરગરી કહું છું, રાખો અમારી લાજ. શ્રી.

સાખી.

મુક્તી મારગ આરાધીએ, કહો કેઇ પેરે અરીહંત-

સુધારસ તવ વચનરસ, ભાગે શ્રી ભગવંત.
આદી તે અરીહંત; અમ ઘેર આવોરે;
મારા સાંમ સલુણા નેમ, દીલમાં લાવોરે.

સાખી

સાંતીનાથ સમર સદા. નમું આવી આવાર;
મનુષ્ય જન્મ પાંમી ફરી, વંદુવાર હજાર.
નીત્ય આવીને પ્રભુ નમન કરછું;
મંડળી માગે છે, પ્રભુ શીવ સુખ આજ.

ગાયન ૧૦ રાગ બીક લાગે બાઇ બાપુ.

આવ્યો શીતળનાથ સ્વામી, તારો મુજનેરે;
સુંદર સુરત મુરત પેખી, ઠાર્યે નયનરે. આવ્યો.
ઉતમ ભકતી કરી આજે, દર્શન પાયો મહારાજ;
કહુંછું મારા શીરતાજ, હે પ્રભુ હું નીત્ય આવી નમું છું તુજનેરે. આ.
સું આંગી બની છે સારી. કંઠે છે હારજ ભારી;
સૌ આવી નમે નર નારી, હે પ્રભુ તુજ મુરતી દેખી નયન ઠરેરે; આ.
પ્રભુ આગે આરતી થાએ, દર્શન કરવા સૌ જાએ;
ત્યાં પ્રભુના ગુણ ગવાએ, સાદાપુર મંડળી હેતે આવી નમેછે તમનેરે; આ.

ગાયન ૧૧ રાગ રાજરાજ ચોહાણનું આજે.

માહાવીર પ્રભુ મેહેરથી; સદા રહું છું આનંદમાં;
આનંદમાં, આનંદમાં, આનંદમાં, આનંદમાં, માહાવીર.
નીત્ય આરાધુ પ્રભુ એક તંનમાં;
દર્શનથી દીન જાય સાંતીમાં; સદા. માહાવીર.

પ્રભુની ભકતી રાખો એક ચીતમાં;
રહેસો સદા તમો ખુશીમાં, સદા. માહાવીર.

ગાયન ૧૨ રાગ કુમાર મારો વાલી.

મનું પ્યારા રીખવદેવ; નમી કહું છું આવાર;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, વંદુ છું વાર હજાર; મનું.
પીતા નાભી રાયા; મારૂ દેવી માતા;
ધન્ય છે રીખવજી, અવતાર. મનુ પ્યારા.
ફુલ ગુલાબકી આંગી બની હે, દર્શન કરે નરનાર મનું પ્યારા.
સાહાપુર જૈન મંડળી શરણે તમારી, તમો પ્રભુ તારણહાર. મનુ પ્યારા.

ગાયન ૧૩ . રાગ આ દીઠી ખુબી.

પ્રીતે કરૂ પ્રભુજીની, સેવા સારી (૨) પ્રીતે.
સેવા કરે પ્રભુ, આવી નરને નારી;
નરને નારી, સૌ આવે ચાલી, પ્રીતે.
કરમ કરતાં, વીચારો કાંઇના કર્યા;
હું તો ભુલ્યો પ્રભુ લેજો ઉગારી. પ્રીતે.
સૌ સભા જને, પ્રભુ વારી વારી;
મને પ્રભુની, ભકતી ઘણી છે પ્યારી. પ્રીતે.

ગાયન ૧૪ રાગ તાતનો ભરૂસો નથીરે.

મુખડાની માયા લાગીરે, માહાવીર તોરા મુખડાની. માહાવીર.
માઆ મંદીર મસ્ત બનેલો, ત્યાગી તે ઉઠો જાગીરે; માહાવીર.

સાખી

મોહન ગારી મુરતી, સુગતા ભરણુ સુઅંગ.

હીરા રત્ન અમોળી કે. જળ હળ ફતજીને અંગ. માહાવીર.

સાખી

મ્રદંગ તાલ અલાપ સુર; લલના મધુરે સાદ;
ગાવે રૂમ ઝુમ નૃતકર, ઝીણા વીણા નાદ. માહાવીર.

સાખી

તુજ દર્શન દુર્લભ સહી, દર્શન રીતે દેવ;
એક વાર જો તુમે મળો, તો મળે મુકતી તતખેવ. માહાવીર.

સાખી

પુજન વીધીથી પુજતાં, અમરત ક્રીયા પ્રમાણ;
ધન્ય ધન્ય નર તેહને, જાણે ઉગતો ભાંણ. માહાવીર.

સાખી

અને કદી નહી તે હવે, મુકતી હે પરમેસ;
શ્રી જૈન મંડળી વીનવે; મનમાં તે હમેસ. માહાવીર.

ગાયન ૧૫ રાગ ગીરધારી.

માહા વીરજીરે, નીકળ્યા મગોડી ગામ; સાથે નેમનાથ ભગવાન;
બધી પ્રતમાયો નીકળી સાતરે, સંવત ૧૯૪૯ પચાસરે.
તેમાં કાંઈ નથી કચાસરે. માહાવીરજીરે.
ચઉતર વદી તીથી દસમરે, સુરજ આથમીને બેસે ઠામરે;
પ્રગટયા ઝંડવાડેથી પશ્ચીમેરે. માહાવીરજીરે.
સાથે કૌશકજી બે મોટારે, તેમને વાળી દીધા છે કછોટારે;
એવા જગમાં ના મળે જોટારે. માહાવીરજીરે.
હાલ મુકામ લીલાચંદ ઘેરરે, સેવા થાય છે રૂડી પેરરે;
પોતે કરે છે લીલા લહેરરે. માહાવીર.

ઝરે અંગુઠે અમીના જરણુરે, બેઠા વાળી પલાંઠીયો ચરણેરે;
અણી શુધ અને સોભે કર્ણુરે. માહાવીર
જૈન ધર્મનું તેજ જણાયરે, દર્શન કરવાને આવે ઘણાયરે;
પોતે જોઇ ઘણા હરખાયરે. માહાવીર
ધુપ ધ્યાન ઘટા બહુ સારીરે, પડછાદે છે નીત્ય નીત્ય ભારીરે;
ઘીનો દીવો રેહે દીન જારીરે. માહાવીર.
પ્રભુના નીત્ય ગુણ ગવાયરે, મુજ મનમાં હરખ ના માયરે;
આદપુર મંડળી લાગે છે પાયરે. માહાવીર.

ગાયન ૧૬ રાગ ઝટઝટ ઝુકો.

ઓ પ્રભુ માહારામાં, અવગુણ ભારી;
નમું આજ, રાખો લાજ, માહારાજ, દીક્ષધારી. પ્રભુ.
આ સંસાર સાગર ખારો, નથી ઉગરવાનો આરો;
પ્રભુ મારાં પાપ નીવારો, દીલે દયા લાવી મુંને તારો.
સંસારે, નથીસારે, આવારે, મુને તારે;
સુરખો ના ડર્યો, ભુલી વિસારી. પ્રભુ ઓ.

ગાયન ૧૭ રાગ બેડીઉ પગમાં પેરી.

આવું મલી જીણુંદા, દરિશન કરવાને મન માહેર;
આપ બીરાજો ભોયણ પુરમાં, અંધ થયોને મદમાં ભુલ્યો ભાન. આવું.
હાલ થયાં, હેવાલ થયા, તન માલ ગયા, હેરાંન થયાં નહીં પુન્ય
કર્યા સીરપાપ રહ્યાં. આવું.
રોજદી, પ્રભુનું સમરણ કરતા, ને ધ્યાંન ધરતા, ને જીનનો ધરમ
સાચવતા, ને પ્રભુનું પુજન કરતાં. દાએદહાડો.
ને આજ પાપ કરીયે છીએ, ને પેટ ભરીયે છીએ; ને દુખ ભો-
ગવીએ છીએ. દાએદહાડો.
જીનનો ધરમ મુકી સાચોને, આડા મારગે ચાલતા. આવું.

પુજન કરવા ગયોતો પ્રીતથી, સેવક થઈ પોચી ગયો ભંડાર. આવુ.
બહુ પાપ કર્યા, નહી પુન્ય કર્યા, માહા ચોર ઠર્યા; બદખોર ઠર્યા;
ભંડાર ભર્યા. આવુ.
સુખે સેવા કરી, પ્રભુની ભકતી કરતો, ને પ્રભુનુ પુજન કરતો;
ને પ્રભુ આગળ ધયાંન ધરતો, ને મોજો કરતો, ને સુખે સુઈ રહેતે;
પ્રભુનું પુજન કરતાં ચીત મારૂ હોડાવતો. આવુ.
સાહાપુર સભા મળીને વિનંવે, કરજોડી પ્રભુ વીનતી કરૂ આજ. આ.

ગાયન ૧૮ રાગ દેખાભાઇ દુખના.

પ્રભુ તમો મલ્લી જીણંદા, હો. પ્રભુ. (૨)
માતા પ્રભાવતીના જાયા, પ્રેમેથી પુજીએ;
સુણો એક વીનતી મારીરે, હો સુણો. (૨)
આ સેવકને દયા કરી પ્રભુ તારીયે;
આ સંસારની માંહમે, કુકર્મ તો કીધા ઘણા,
કુડ કપટને લોભમાં, પ્રભુ કસી રાખી નહી મણા;
દયા કરો પ્રભુ તારોને, આ જીવે દુઃખ સહાં ઘણાં:
ગુણ ગાય સાહાપુર મંડળી, હમેશાં પ્રભુજી તણા. પ્રભુ હો.

ગાયન ૧૯ રાગ ડોસી તારો દીકરો.

અતી ઉમંગ મને થાય છે, ચીંતામણી પાસજી, ચીંતામણી પાસ
જી પુજાનું મન થાય છે;
બેટા લેઉ બેટી લેઉ થાય છે, ચીંતામણી પાસજી. ચીંતા. પુંજા.
રાજપુર ગામમાં આપનો બીરાજો
તુમ દર્શનથી પાપ ક્ષપાય છે. ચીંતામણી (૨) પુંજાનું.
રાજનગરના જૈની નરનારીયો,
તુમ દર્શનમાં ચીત ચાહ છે. ચીંતામણી (૨) પુંજાનું.

દર રવીવારે સૌ દર્શન કરવા;
જાત્રાળુ ઘણા ભેગા થાય છે. ચીંતામણી (૨) પુંજાનું.
ત્રણ જગતના સાચા છો સાહેબ;
મેહેર કરો વખત વહી જાય છે; ચીંતામણી. (૨) પુંજાનું.
ભવસાગરમાં હું ડુબી મરૂં છું;
આપનો પ્રભુ મને આધાર છે. ચીંતામણી (૨) પુંજાનુ
પાપ હમારા દુર નીવારો
તુમ તણો દાસ ગમેરાય છે. ચીંતામણી (૨) પુંજાનું.
આપ વીના નહી આરો અમારો;
તુમ વીના કોણ તારનાર છે. ચીંતામણી (૨) પુંજાનું.
શાહાપુર જૈન મંડળી સૌ ભાવે.
હેતે તમારા ગુણ ગાય છે. ચીંતામણી (૨) પુંજાનુ

ગાયન ૨૦ રાગ કુંવરી કુંવર મારા લાડકા.

જીવ તું જપજે જીનરાજને, બીજી મુકી દે આળ;
મુરખ મનમાં નથી જાણતો, માંથે ભમે છે કાળ. જીવતુ
ધંધો કરી ધન્ય મેળવ્યું, લક્ષ્મી લાખ કરોડ;
મરતી વેળાએ માનવી, કહે બાંધ કંદોરો છોડ જીવતું.
જાણ જરૂર તું જીવડા, નથી તાહરૂં રે કોઇ;
દેહ નથી તુજ તાહરી, માટે ચાલજે જોઇ જીવતું.
શાહાપુર મંડળી વીનવે, છો પ્રભુ તારણહાર;
આ ભવમાંથી ઉગારશો, પ્રભુ મુને આવાર. જીવતું.

ગાયન ૨૧ રાગ ક્યાં ખશીઆ વસીઆ.

મુને મળીઆ ફળીઆ, ચીંતામણ છો રંગીલા;
કુમતી કાપો, સુમતી આપો;
આવ્યો છું સરણે તમારીરે. (૨) મને તારોને.

હે પ્રભુ હું જાઉં છું, પણ જીન અહી છે;
જે દુઃખ અમારાં કાપેરે; (૨) પ્રભુ મેહર કરી.
નીત હું આવું, પુજા રચાવું; જીન ગુણ ગાઉ.
જીન વચન કદી ન વીસારૂના,
પ્રભુ દર્શન દેજો વેહેલાંરે, (૨) આવી નમુ આજ. સુને.

સ્તવન ૨૨ મું. રાગ કોઈ સતીયા ઉઠોરે.

જીવને વારછું, હું તો આવારરે; (૨) છોડી દલ મમતાને વારો;
સુનાં મંદીર, સુના માળીયાં, સુનો સબ પરીવાર.
અંતે જાવું જીવને એકલા, કોઇ નહી તારો સાથે જનારરે. (૨) છોડી
પરનારી સું પ્રીત કરીને, બાંધ્યો તેપર પ્યાર.
નારી નરકની ખાણ છે, ભાઇ તેમાં નથી સાર;
તેને છોડો નહીતો ખાસો મારરે (૨) છોડી.
સભા સદો સૌ સુણજો, કરજો ધરમ આચાર;
ધરમ ભાઇ કરવા થકી, તરસો આ સંસાર;
માટે જીન વાંણી તું તો સંભાળરે; (૨) છોડી.

સ્તવન ૨૩ મું. રાગ ધણા ધણા ધીકાર.

પાપીછું આવાર, હું તો પાપીછું આવાર;
મુને ધણા ધણા ધીકાર. હું તો.

સાખી.

હું તો પાપી પ્રાણીઓ, ધર્યો મારી મુરખાઇ.
અધરમ ને અન્યાય કર્યાથી, પડ્યો નરકની માંહી.
પાપ વોશ્ચારી કરીએ, પ્રભુને નીત્ય સમરીએ;

સાખી.

સભાસદો સૌ સાથે સુણજો, કહું છું વારંવાર;
ન્યાય-નીતીથી ચાલસો તો, તરસો આ સંસાર.

રે થયો છું આચારી, મુને પ્રભુ લેસો તારી;

નમન.

હે પ્રભુ પાપ કીધા મે ભારી;
છુ નર્ક તણો અધીકારી;

સાખી.

કર જોડી પ્રભુ હું નમું, છો તમે તારણહાર,
આપ નામ કદી નહી વીસારૂ, વંદુ વાર હજાર;
રે હું તો કરગરી કહું છું, પ્રભુ તોરે પાએ નમું છુ;

ગાયન ૨૪ રાગ પીતા જાણી.

પ્રભુ તોરે દર્સનથી દુઃખ કાપે, પ્રભુ (૨)
સુખ સાંતી સદા આપે. સુખ (૨)

સાખી.

પ્રભુ દર્સન સુખ સંપદા પ્રભુ દર્સન નવનીધ;
પ્રભુ દર્સનથી પામીએ, સકળ પદારથ સ.ધ. પ્રભુ.

સાખી.

ભાવે જીનવર પુજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવ ના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન. પ્રભુ.

સાખી.

જીવડા જીનવર પુજીએ, પુજ્યાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે, પ્રભુ આંણ ના લોપે કોય. પ્રભુ.

સાખી.

સભાસદો સૌં સુંણજો, ઓ મારા દીલદાર;
પ્રભુ નામ સંભળાજો, કહું છું વારંમવાર. પ્રભુ.

ગાયન ૨૫ રાગ મ્યુનસીપાલ ઇલેક્ષન.

લોગ લાગ્યા મારા ઓ બાપ, ભુલી ગયો અરીહંતને;

નથી કરતો ધરમ કાંઇ, મારી મતી લ્યો સુધારીને.
હું પાપીછું આ વાર, મારા દુઃખનો નહી પાર, ઉપર ખુબ પડે માર;
પ્રભુ આપ છો દયાળ. બોગ લાગ્યા.
સાહાપુર જૈન સભા નમે, પ્રભૂ સુખ આપજો;
જે પાપ કર્યાં તે હું ભુલ્યો, અમારાં કાપજો;
હું માફી માગું આજ, હવે રાખો મારી લાજ; ધર્મ કરૂ માહારાજ
તમો મારા સીરતાજ, બોગ લાગ્યા.

ગાયન ૨૬ રાગ વટ સાવીત્ર વ્રત આજ,

ચાલો ચાલો પાલીટાંણા સેહેર, દરસન કરવાને;
ત્યાં વસીઆ આદીજીણંદ, ભવજળ તરવાને;
છો પ્રભુ તારણહાર, ડુંગર વસીઆછો;
પ્રભુ આવી સ્વપને આજ, જાણે હસીઆછો;

સભાજનો સેત્રુંજે, સંચરો તમો;
મળશે તમને આદીજીણંદરે, એવા સ્વામીને તમો સેવજો સદા;
હેત સહીત પ્રભુ આવીઆ અમે,
દરિસન દેજો માહારાજરે. એવા સ્વામી.
સાહાપુર મંડળી નમે છે વારંમવાર;
તમો પ્રભુ પ્રાણ આધારરે, એવા સ્વામી.

પ્રીતે પ્રભુજીની સેવા બજાવુ, નીત્ય નમી જીનના ગુણ ગાઉં;
હરખ ધરી હું આવુંરે, પ્રભુના ગુણ ગાવા;
જાસુદ ફુલ અમુલ ચડાવુ, આદીજીણંદને સીસ નમાવું;
સુખ કર સેવા બજાવુરે, પ્રભુના ગુણ ગાવા.

ગાયન ૨૭ રાગ મન મંદીર આવોરે.

જીવ કાયાને કહેછે રે, હું પંખી છું પરદેસી;
હમે ક્યાં સુધી રહીએરે, નથી અંહીનાં રેહેવાસી. જીવ.

તારા મોહના ફંદમાંરે, પડી અમને ફાંસી;
તારો વામના લાધીરે, ભમ્યો લાખ ચોરાસી. જીન.
ગુરૂએ ગમજ પાડીરે, જોયું મેં તપાસી;
નિરખી જીન સરૂપરે, પોતે રૂપ પ્રકાસી. જીન.
છો દેવ નીરંજનરે, અચળ થાવો અવીનાસી;
જીન સાસન કહેએ રે, જોજો સર્વે તપાસી. જીન.

સ્તવન ૨૮ **રાગ સુરીથી નાથને.**

સંભવ નાથ સ્વામી, સુણો એક વીનતી જો;
મુરતી દેખી, થયો છું, સંતોષ મારા નાથ. સંભવ.
માથે મુગટને કાને કુંડળ, સોભતાં જો;
પ્રભુ દેખીને હૈયુ હરખાય, મારા નાથ. સંભવ.
સોહે કંઠે હીરાનો હાર, અતી ઘણો જો;
કેડે કદોરાનો સણગાર, મારા નાથ. સંભવ.
સાદાપુર મંડળી તમારા, ગુણ ગાય છે જો;
હુંતો નીત્ય કરૂ, પ્રણામ મારા નાથ. સંભવ,

સ્તવન ૨૯ **રાગ સાજી તું તો સ્વામી.**

સાન્તીનાથ સ્મરણ કરૂ તાહરૂ;
મુને તુમ તણો આધાર. સાંન્તીનાથ.
સંતોષ દેજો સ્વામી આસમે;
ઉપદેસ આપોને આચાર. સાંન્તીનાથ.
આ સંસાર અસાર છે,
વરત છે ખાંડાની ધાર. સાંન્તીનાથ.
આસા નહી ઓળંગું આપની;
પ્રભું મુને તુમ તણો આધાર. સાંન્તીનાથ
સાદાપુર મંડળી સ્વામી નમન કરે;

વંદુ હું વાર હજાર; સાંન્તીનાથ.

ગાયન ૩૦ રાગ સુતા સર્વે જમાઈઓ.

પ્યારા પાસજી, મુજને મળીઆં; મારા મનના, મનોરથ ફળીઆં.
તારી મુરતી મોહન ગારી; સૌ સઘને લાગે છે પ્યારી.
તમને મોહી રહ્યાં સુર નરનારી; અલબેલી મુરત પ્રભુ તારી,
ધન્ય ધન્ય દેવાધી દેવા. સૌ સંઘ કરે તોરી સેવા;
જે કોઈ પાસ તણા ગુણ ગાશે. બંધો ભવના તે પ્રાતીક જાસે;
પ્રભુ તેવી સમાજીન રાયા, માતા વામા દેવી ના જાયા;
સાહાપુર મંડળી કરજો સાહે, સભા નમી નમી લાગે પાએ.

ગાયન ૩૧ રાગ બતાઈ સખી.

સોભે છે સુખા, સાંતી જીણંદ માહારાજ;
લોભે છે મારૂં, મનડું પ્રભુથી આજ.
આવ્યો હું તુજ પાસેરે, સૌ દુઃખ જાસેરે;
જેથી રહેશે લાલાજ. સોભે છે.

ગાયન ૩૨ પ્રાણી મારૂ મારૂ.

કર પ્રભુ સંગાતે પીતડીરે, મરી જાવું મેલીને ધન્ય માલ; તુજ જી.
સંચઘરે સંબંધો સર્વે મળુરે, એ છે જુઠી માયા કેરી જાળ. તુજ.

સાખી.

મારૂં કરી ધન્ય મેળવું, જીવ તારૂં નથી તલભાર;
સંસાર સુખ સ્વપના જેવું, જાતા ન લાગે વાર.
માટે સેવજે તું સાચા સંતનેરે, તારા ટળશે તીવીધી તાપ પાપ,
કર પ્રભુ સંગાથે પ્રીતડીરે, તારાં સર્વે સુધરશે કામ. તુજ જીવ.

સાખી.

આ તન રંગ પતંગ સરીખો, જાતાં ન લાગે વાર;

અસંખ્યા ગયા ધંન સંપતી, મેલીને નીરધાર.
એવું સમજીને ભજ ભગવાનનેરે, સુખકારી સદા સુખધામ. તુજજીવડા.
દેવાનંદનો વાલો દુઃખ કાપશેરે, મન વાંછીત પુરણ કામ. તુજજીવડા.

સ્તવન ૩૩ રાગ થયા હાલ થવા સા હાલ.

હું પાપી પ્રાણી હું, પ્રભુ તારોને આવાર;
કળ પાપી પ્રસંગથી, પામ્યો ભાઇ હું નાદાન. હું પાપી.
કરણી તેની પાર ઉતરણી, નકી તું દીલમાં જાણ;
કોમળ કાયા સુખ રોળાશે, દીલમાં કાંઇ વીચાર. ભાઇ મારા. (૨) હું પાપી.
નાથ નીરંજન સાહ કરે, ભાઇ કરજો ધર્મના કાજ;
આદાપુર મંડળી નમી નમી આજે, વંદે છે વારમવાર ભાઇ મારા.(૨)હું પાપી.

સ્તવન ૩૪ રાગ ઓધવજીનો સંદેશો.

નમન કરશું શ્રી આદેશ્વર નાથને;
જેણે આપ્યો જ્ઞાન તણો પ્રકાસજો; નમન.
એ અનુભવે, અણુઆળે પ્રભુ આવીઆ;
આવીને પુર્યો, ડુંગરપર વાસજો. નમન.
નામ તણા એધાની, પ્રભુએ ઓળખી;
નાંધે રાખી ચાલ્યા, રૂડી પેરજો. નમન.
આદાપુર મંડળી સોભે, તુમ પ્રતાપથી;
તુમ દર્સનથી, આનંદ મુજને થાયજો નમન.

સ્તવન ૩૫ રાગ હુંરે થયુંરે.

હુંએ કરુંરે, હુંએ કરું, પ્યારા પાસજીની સેવા હુંએ કરું;
આંગીનાં સોભા અજબ બની છે;
તે દેખીને મારૂં મન ઠરૂ. પ્યારા.

માથે મુગટ પ્રભુ કાને છે કુંડળ;
કેસર ચંદનકી પુજા કરૂ. પ્યારા.
સાહાપુર મંડળી કહે કર જોડી;
નીત્ય પ્રભુજીકા ધ્યાન ધરૂ. પ્યારા.

ગાયન ૩૬ રાગ ચાલ્યા ક્યાં ભોળાનાથ.

ચાલ્યા ક્યા નેમીનાથ ચાલ્યા (૨)
ચાલ્યા કરગરતી મુકી, રાજુલ નાથ; ઝાલીને હાથ.
બોળી બાસે રાજુલ ભલી ભાત; ઝાલીને હાથ;
ઘણું થયુ પ્રભુ પાછા વળીને;
પશુ બીચારાની દયા ધરીને;
લેશું લેશું લેશું લેશું, સંજમ આગે આ વાર, તજી સંસાર;
શાહપુર મંડળી આવી નમે છે;
છો પ્રભુ તમો પ્રાણ આધાર, તારો આ વાર; ' ચાલ્યા..

ગાયન ૩૭ રાગ છડમ પધારા જેમને.

સંભવનાથ સ્વામી આવારે, તારો મનેરે;
આ સંસારમાંરે, નથી સાર છે આસાર;
મારો છે અવગુણ અપાર, મકી માગું પાપ નીવારજોરે, સં.
સંસારે નથી સાર બાઈ જાણજેરે;
હું તો કહું છું વારંવાર, સો માનજોરે;
પાપતો ભારી, કીધાં આ વારી; છું લાચારી;
નમું છું આવી, શીશ નમાવી, હું ભગવાન માફ માગું છું. સંભવનાથ.

ગાયન ૩૮ રાગ અરે ના બોલો આવી વાત.

રે ક્યાં ચાલ્યા નેમીનાથ, પ્રભુ દીલમાં કાંઇ વીચારો. રે ક્યાં.
પ્રભુ આપ ગયા ગીરનાર, રાજુલ કરે પોકાર;

તમે કાંઇ કરો વીચારરે; રે કયાં.
પ્રભુ વીચાર કરો દીલ સાથ, મુકી નારી તમારી અનાથ;
તમો દયા ધરો દીલ સાથરે. રે કયાં.

ગાયન ૩૯ રાગ તમે ઠરાવો.

સૌ સભા મળીને તમામ, પ્રભુ વદન કરોએરે; સૌ.
જીન વચનો હું કદી નહી ભુલું, લેશો પ્રભુજીકા નામ. પ્રભુ. સૌ.
અતી આનંદે જીન ગુણ ગાઉં. પ્રીતે કરશું પ્રણામ. પ્રભુ. સૌ.
સભાસદો સૌ હળીમળી આજે, કરો ધર્મનું ભાઇ કામ. પ્રભુ. સૌ.

ગાયન ૪૦ રાગ કહેજે તારા સજાને.

શાંતી જીનોરે સગુણુ, ઉગારો મને.
ઉગારો મને, પ્રભુ તારો મને. સાંતીજી.
સાંતીજી માહારાજ, હું તો નમીને કહું આજ;
આવ્યો આજ, રાખો લાજ, છો માહારાજ. સાંતીજી.
બાળ બળા મોતીડે વધાવું, હરખ ધરી જીનના ગુણ ગાઉં.
આવ્યો આજ, રાખો લાજ, છો માહારાજ. સાંતીજી.

ગાયન ૪૧ રાગ લીલાવતી કેમ તું.

અરે જીવ ચેતીલે, કાળ આવી પડયો તારી સાથ;
રળી રળી ધન ભેગું તેં કીધું, નથી રહેવાનું તે તારે હાથ. અરે
માત પીતા બંધવ ભગની તો, અરે કોઇ નહી કરે તારો સંગાથ. અ
માટે વીચારો, મતી સુધારી, ધર્મ કરજે તું તારે હાથ. અરે.
શાહાપુર મંડળી નમન કરે છે; સહાય કરજો મારા દીનાનાથ. અરે.

ગાયન. ૪૨ હું નીરભાગી.

સભા જણું સીખામણ સારી; ચીતમાં લેજોને ધારી;
કહું છું હું વારી વારી, જસો ભાઇ આ ભવતો હારી, સભા.

સાંભળજો સૌ એક ચીતથી, દયો સીખામણ સારીઃ
રાસ કરે દેતાં સીખામણ, બાગ દયાપર વારી. સભાં.
પરનારીની પ્રીત તજોને, પરનીંદા ના કરશોઃ
માત બેન સૌ રસ્તે જાતાં, વાત કદી ન કરશો. સભા.
કુડ કપટને લોભજ મુકી, ધર્મ કરો આચારઃ
કરજોડી પ્રભુના ગુણ ગાઉ, ઉતારે ભવપાર. સભા.

ગાયન ૪૩ રાગ આજ રંગમાં રસીલી.

મારો અવગુણ છે અપાર, આ સંસાર માંહીઃ
જીન ભક્તી હું ભુલી ગયો છું, કુડ કપટ લોભ મેં કીધાં સહી. મારો
મુજ પાપીની પ્રભુ મતી સુધારી લો, આપ નામ કદી વીસરું નહીરે. મારો
શ્રી સાંતીજીન મેહેર કરીને, વંદન કરું આપને હું હરખઈરે; મારો.

ગાયન ૪૪ રાગ વચન વદા આશું પ્રીયુજી મારા.

અવગુણ છે પ્રભુ મારામાં ભારી, આવી નમું છું હું બે કરજોડી. અવગુણ
નીત્ય નમી પ્રભુ હું ગુણ ગાઉં, લેજો મનેતો ઉગારી. અવગુણ.
હાલાપુર મંડળી જીન ગુણ ગાવે, આવા ઉઠાવું હું સ્વામી તમારી. અવ

ગાયન ૪૫ રાગ પુનમ ચાંદની

ચાલ્યો ગઇએ ભાઇ જીનવર ગુણ આચમેરે;
થઇએ થઇએ સૌ સુખી આ સમાજ;
હેતે હળી મળી દરીશન કરીએ આપણેરે.

સાખી.

શ્રી જુમતે આંગી કરી, ફુલ તોરા તણીઆજ.
સોનેરી સીહાસન પરે, બેઠા શ્રી જીનરાજ.
અતિ આનંદે પ્રભુના ગુણ ગાવતારે;
મારે હૈડે હરખ નમાય, હેતે હળી મળી.

સાખી.

ચીંતા મારી કાપજો, હે ચીંતામણુનાથ,
નીત્ય આવી નમન કરૂં, બે કરજોડી હાથ.
એવા પ્રભુને નીત્ય પખાળીએરે;
તમોછો પ્રભુ તારણ હાર, હેતે હળી મળી.

સાખી.

મન હરણું રણુ ભવ મહીં, નાહક ગોથા ખાય;
એવા પ્રભુને સેવતા, ચીંતા સૌ ટળી જાય.
જાઇ સાચા જીનની સેવા સાચવોરે;
તેથી તરસો આ સંસાર, હેતે હળી મળી.

ગાયન ૪૬ રાગ અમન ચમન નમન.

નમન, નમન, નમન, નમન, નમન, કરૂં આપને;
ચંદ્ર પ્રભુ મન ધારી, નમન કરૂં આપને,
રોજ દીન ગુણ ગાઉ, આપની સેવા બજાવું;
કુડ કપટ લોભ તજી, ટાળવા મુજ પાપને; નમન.
રાખોને પ્રભુજી લાજ, સેવક જાણી આ સમે;
આજ્ઞા ઉઠાઉ પ્રભુ, હર ઘડી હું આવીને નમન.
જીન સભાની રાખો લાજ, કહું છું નમીને આજ;
કાપી દુઃખ આપો સુખ, જપુ જીન રાજને નમન.

ગાયન ૪૭ રાગ આવો કુમકુમને પગલે.

અરથનાથ પ્રભુ હું આવી, વદું છું સીસ નમાવી;
કાળે ચોપટ બાજી બીછાવી, માંડી જીવ સોગટીયો ભારી;
દે દુખ સુખ પાસે ખેલાવી, રેહે હું પદમાં ભરડાવી.
આવ્યો છું શરણે તમારી, સેજો મુજને ઉમારી;

શાહાપુર મંડળી નમે પ્રભુ આજે, રાખોને હમારી લાજે;
છો મારા સીરતાજ. અરનાથ.

ગાયન ૪૮ રાગ જુઓ પીતાજી.

જુઓ સભાજન નજર કરીને, સાંન્તીનાથની મુરતી પ્યારી;
એક ધ્યાનથી સેવા કરીને, સમરણ કરજો નેત્ર નીહાળી. જુઓ.
માથે મુગટ પ્રભુ કાને છે કુંડળ, કંઠે હીરાના હાર છે ભારી;
તે દેખી મારૂં મન હરખાયું, નીત્ય નમું પ્રભુ હું વારી વારી. જુઓ.
માટે પ્રભુજી પાયે નમું છું, હરખ ધરીને હું ઉરમાંહી;
આપ તણી પ્રભુભકતીની કાજે, ઉલટ આણી આવ્યોછું આહી. જુઓ.
શહાપુર મંડળી વીનતી કરે છે, દેજો દરસન સેવક ધારી;
કરજોડી પ્રભુ પાયે નમે છે, આ મંડળી પ્રભુ સાહે તમારી. જુઓ.

ગાયન ૪૯ રાગ ના જઇએ મારા બાળરે.

ના કરસો ભાઇઓ તમોરે, કુકર્મનીરે વાત;
સંસારે સાણા રહીને, ના કરો કર્મ અપાર;
ધર્મ નીતી કાંઇ આદરો, તો તરસો આ સંસારરે. કુકર્મની.
કુમતી કેરો સંગ ના કરસો, દેશે દુખ અપાર;
સુમતીની સોબત થકી, ભાઇ ઉગરવાનો આધારરે. કુકર્મની
શાહાપુર મંડળી આપ આચારે, રેહે છે આનંદ ભેર;
સાંન્તીનાથ પ્રતાપથી, ભાઇ આપણે લીલા લેહેરરે. કુકર્મની.

ગાયન ૫૦ રાગ ખાતરતો દેવાં.

પાપ મે કીધાં આ ભવમાં ઘણાં ભારી;
સંભવનાથ સ્વામી, લેજો અમોને ઉગારી.
સંસાર સાગર ખારો છે ભાઈ નથી તેમાં સાર;

માટે કાંઇ વીચાર કરોને, અંતે ખાસો મારરે. પાપ.
લાખ ચોરાસી ફેરા મેહેનો, ખાધા અનંતીવાર;
પુન્ય ઓછું કરી પાપ વધાર્યું, હું નથી હવે તરનારરે. પાપ.
સાહાપુર મંડળી અરજ કરે છે, સાહ કરો આવાર;
કરજોડી પ્રભુ માફી માગું, તમોછો તારણહારરે; પાપ.

ગાયન પર રાગ જા સુખે બહેસો હેજે.

જાવુ ભોયણપુર ગામે જાવું. (૨)
દરસન કરવાનું હામરે જાવું.
ત્યાં મલ્લીનાથ મહારાજ. ત્યાં. (૨)
મારે જાવું દરસન કાજે રે. ત્યાં. (૨)
ભોયણપુરમાં આપ બીરાજો, મલ્લીનાથ મહારાજ;
કરજોડીને નમન કરશું, દેજો દર્સન આજે. પ્રભુ. (૨)
નરનારી પ્રીતે હમેશાં, દર્સન કરવા કાજે.
મેહેર કરી મહારાજ અમોને;
દર્સન દેજો આજે. પ્રભુ. (૨) જાવુ (૨)

ગાયન પર રાગ ક્ષત્રી કલંક

પ્રભુ અજીત નાથ માહારાજ, આવ્યો છું હું તમારી પાસેરે;
લાજ રાખજો પ્રભુ માહારાજ. આવ્યો.
ભમ્યો કાળ અનંતી વાર. આવ્યો.
મને આ દુઃખમાંથી ઉગાર. આવ્યો.
પ્રભુ પાપ કીધાં મે અપાર. આવ્યો.
આ સસારમાં નથી કાંઇ સાર. આવ્યો.
છો ત્રણ જગતના આધાર. આવ્યો.
મારા અવગુણનો નહી પાર. આવ્યો.

શાહાપુર મંડળી નમે આજ. આવ્યો.
રાખો લાજ મારી માહારાજ. આવ્યો.

ગાયન ૫૩ રાગ અરસુહરી.

આજ બીરાજો ભોયણીપુરમાં, મલ્લીનાથ માહારાજજી,
દરિશન કરવા દોહલા, દરિશન દેજો માહારાજજી. આપ.
જોડે કૌસક બે સોભતાં, વચમાં આપ માહારાજજી;
મુરતી પ્રતમાયો અતી ઘણી, આવી નમું આ વારજી. આપ.
આશા ઉભવું છું આપથી, છો આપ દયાળજી;
મારા કરમના ઉદય થકી, નથી આવ્યો આવારજી, આપ.
ભક્તી કરૂ મન ભાવથી, સ્વાંમી છો તાર નારજી;
પાપ આ ભવમાં કીધાં ઘણાં, માફ માગુ માહારાજજી. આપ.
શીશ નમાવું એક ચીતથી, મલ્લીનાથ માહારાજજી;
આ ભવમાંથી ઉગારસો, દયા કરી આવારજી. આપ.
સાહાપુર જૈન સભા વીનવે, નમુ તમને માંહારાજજી;
દયા કરી પ્રભુ તારજો, મલ્લીનાથ માહારાજજી. આપ.

ગાયન ૫૪ રાગ સખી વીરહી જનની પીડ.

સારૂં સારૂં પાલીટાણું સેહેર, ટચાટી સોભે છે;
દાદા આદેશ્વરની પાસ. મુજ મન લોભે છે.
છો ડુંગર ઉપર માહારાજ મન મારૂં દોડે છે.

સાખી

દાદાના ડુંગર પરે, ચડતાં મુજ મંન હરખાય,
આનંદે ચડતાં પ્રભુ, મારે હૈડે હરખ ન માય.
મુજ મંન થોભે છે, દરિશન દેજો માહારાજ; દીલ મારૂં સોભે છે. સા

સાખી

શ્રી કીર્ણા મન મોહની, આદી જીન માહારાજ;
ચોદુ ચીત મારૂ તહીં, પ્રભુ વંદુ વાર હજાર.
જીન મન પ્યારા છો. પ્રભુ છો મુજ તારણ હાર;
ડુંગર વસીયા છો, પ્રભુ આવી સ્વપને આજ જાણે હસીઆ છો સાર.

સાખી

નાહી ધોઇ પુજા કરૂ, આવું તુમારી પાસ
હાર પેરાવું હેતથી. પ્રભુ આપોને શીવ સુખ વાસ
પ્રભુજી રહીઆ છો છો દેવ નીરંજન નાથ મનમાં વસી આ પ્રે.સારૂ

ગાયન ૫૫ રાગ ઘેહુલી કેથ કરે છે.

પ્રભુ પ્રીતે હું તો પધરાવું; (૨) નાહી ધોહી સેવા હું બજાવું. (૨)
પ્રભુ અતી હરખાઉ, જીન ગુણ ગાઉ નમીને નમીને કહું છું આજ.
રાખોને રાખોને અમારી લાજ. પ્રભુ. (૨)

ગાયન ૫૬ રાગ અબ ચલેને.

હું આવ્યો હું (૨) પ્રભુ તમ પાસે, સ્વામી હરખ ધરીને આજે;
દરિશન કરવાની કાજે; સ્વામી હરખ ધરીને આજે,
મુને તુમ તણો આધાર, તમો તારોને આવાર, હું આવ્યો છું તમ પાસે.
ધરીને હામ, કરો સિધ્ધ કામ; પુરો મન હામ, મારા સીરતાજે.સ્વામી
તમો દયા દીલમાં લાવો, સેવક નીવારે આવો, પ્રભુ મારા પાપ નીવારો.
જાણીને દાસ આવ્યો તુજ પાસ, પુરો મન આસ, કહુ માહારાજ.સ્વા.
માહાપુર સભા સૌ સુણજો, વીનતી ઉરમાં ધરજો;
પ્રભુને નીત્ય સમરજો, કહું છું આજ; પ્રભુ માહારાજ, તમો સીરતાજ.
રાખસો લાજે, સ્વામી હરખ ધરી હું આજે.

ગાયન ૫૭ રાગ ગુલાબી મધ.

પ્રેમથી આવી પ્રભુ માગ રાજ, પ્યારા નેમનાથ મહારાજ;
પ્રભુ નમું આવીને આજ પ્રેમથી.

સાખી.

હું આવ્યો પ્રભુ પ્રીતથી, ગણી સદાનો દાસ;
હરખ સહિત હું આવીઓ, છે મોટી તું મારી આશ; પ્રેમથી.

સાખી

મધુર મુખ જોયા વિના, પ્રભુ મન મારું અકળાય;
દર્શન દેજો સાહબા, હું નમીને લાગુ પાય. પ્રેમથી.

સાખી.

સહાપુર મંડળી વીનવે, છો મારા શીરતાજ;
કરજોડી પ્રેભુ પાયે નમે છે, દરશન દો મહારાજ. પ્રેમથી.

ગાયન ૫૮ રાગ શાને શાને.

ભેટ્યા ભેટ્યા, ચીતામણુ સ્વામી હો;
પ્યારા પાર્શ્વની મુરતી પ્યારી;
રાજપુરે પ્રેભુ આપ બીરાજે.
આ સેવકની સાહાયજ થાજે;
આવી આવી (૨) નમુ આ વારી હો.
પ્રભુ કાપોને ચીંતા અમારી. ભેટ્યા.
રાજનગરના નરનારી આજે;
દર રવીવારે દર્શન કાજે;
આવી નમે આવી નમે (૨) ભવીજન ભાવી હો.
અમે સરણે છે પ્રેભુ તમારી. ભેટ્યા.

ગાયન પદ આરતી.

અપચ્છરા કરતી આરતી જીન આગે;
હાંરે એતો અવીચલ સુખડાં માગે;
હાંરે નાભી નંદન પાસ; અ.
તા થેઇ નાટક નાચતી પાય ઠમકે;
હાંરે દોય ચરણે ઝંઝર ઝમકે;
હાંરે સોવન ઘુઘરી ઘમકે;
હાંરે લેતી ફુદડીનો બાહાલ; અ.
તાલ મૃદંગને વાંસલી ડફ વીણાં;
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા.
હાંરે મધુર સુરાસુર નયણાં;
હાંરે જોતી મુખડું નીહાલ. અ.
ધન્ય મરૂ દેવા માતાના પ્રભુ જાયા;
હાંરે તોરી કંચન વરણી કાયા.
હાંરે મેતો પુરવ પુન્ય પાયા;
હાંરે દેખ્યો પ્રભુનો દેદાર. અ.
પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો;
હાંરે પ્રભુ શેવક હુંછું તમારો.
હાંરે ભવો ભવનાં દુખડાં નીવારો;
હાંરે તુમ દા● દયાળ. અ.
શેવક જાણી આપનો ચીત્ત ધરજો;
હાંરે મોરી આપદા સઘળી હરજો.
હાંરે મુની માણેક સુખીઓ કરજો;
હાંરે જાણી પોતાના બાળ. અ.

ગાયન ૬૭ આરતી રાગ પીલુ.

જય જય આરતી સાંતી તમારી, ચરણ કમળકી મેં જાઉ બલીહારી. જ૦ ૧
વિશ્વસેન અચિરાજી કે નંદ, સાંતીનાથ મુખ પુનમ ચંદા. જ. ૨
ચાલીસ ધનુષ્ય સોવનસમ કાયા, મૃગ લંછન પ્રેભુ ચરણ સુહાયા. જ. ૩
ચક્રવતી પ્રભુ પાંચમા સોહે સોલમાં જીનવર જગ સહુ મોહે. જ. ૪
મંગળ આરતી તુમારી કીજે, જન્મ જન્મનો લાવો લીજે. જ. ૫
કરજોડી સેવક ગુણ ગાવે, જ્ઞાનોદય અમર પદ પાવે. જ. ૬

ગાયન ૬૮ મંગળ દીવો.

ચારો મંગળ ચાર, આજ મ્હારે. ચારો૦
દેખ્યો દરસ સરસ જીનજીકો, સોભા સુંદર સાર. આજ.
છીનુ છીનું છીનું, મન મોહન ચરચો; ઘસી કેસર ઘનસાર આજ
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોગરો લાલ ગુલાલ. આજ.
ધુપ ઉખેવીને કરો આરતી. મુખ બોલો જયકાર. આજ.
હર્ષ ધરી આદેશ્વર પુંજો, ચો મુખ પ્રતીમા ચાર, આજ
હેતે ધરી ભાવે ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ,
સકળચંદ સેવક જીનજીકા, આનંદ ઘન ઉપકાર. આજ.

સમાપ્ત.

અગાઉ ગ્રાહક બનારાઓના નામ.

૨૦ રા. રા. શેઠ જેસીંગભાઈ હઠીસંગ.

ઠેકાણું મંગળપારેખના ખાંચાના.

૨૦ શા મોહનલાલ મુળચંદ
૨૦ શા ભોગીલાલ મયારામ
૨૦ શા મગનલાલ રવચંદ
૧૦ શા અમુલખ ભાઈચંદ
૧૦ શા કચરાભાઈ મગનલાલ
૧૦ શા છગનલાલ વરજલાલ
૫ શા ફુલચંદ કરમચંદ
૫ શા દલસુખ ભવાન
૫ શા ભોગીલાલ ત્રીકમલાલ
૪ શા દામોદર કેશવલાલ
૩ શા ખેમચંદ ખોડીદાસ
૨ શા હીરાલાલ ત્રીકમલાલ
૨ શા ભોગીલાલ લખમીચંદ
૨ શા સાકલચંદ નગીનદાસ
૧ શા મણીલાલ ધરમચંદ
૧ શા લલુભાઈ વીરચંદ
૧ શા મોતીલાલ ધરમચંદ
૧ શા મોહનલાલ જેચંદ

૨૦ શા ચમનલાલ ઉમેદ
૨૦ શા ચુનીલાલ વરજલાલ
૧૦ શા ચુનીલાલ કસતુર
૧૦ શા હીરાલાલ માહાસુખ
૧૦ શા પરસોતમ કાળીદાસ
૧૦ શા સકરાભાઈ છગનલાલ
૫ શા ભોગીલાલ રણછોડ
૫ શા મણીલાલ ડુંગરચંદ
૫ શા આસાલાલ મગનલાલ
૩ શા મણીલાલ નગીનદાસ
૨ શા સકરાભાઈ મગનલાલ
૨ શા જમનાદાસ પીતામર
૨ શા ચુનીલાલ પ્રેમચંદ
૨ શા પુંજાભાઈ ભુલાભાઈ
૧ શા ચમનલાલ વાડીલાલ
૧ શા ખેચર મલુકચંદ
૧ શા પોપટલાલ ભુલાભાઈ
૧ શા અમનલાલ ડાહ્યાભાઈ

૧ શા મણીલાલ બાલાભાઇ	૧ શા મણીલાલ કાળીદાસ
૧ શા માણેકલાલ લલુભાઇ	૧ સા ડાહ્યાભાઇ જગજીવન
૧ શા પીતામ્બર ગુલાબચંદ	૧ શા મંગળભાઇ મગનલાલ
૧ શા ચમનલાલ મગનલાલ	૧ શા વાડીલાલ જેસીંગ,
૧ શા દલસુખ મગનલાલ ધનજી	૧ શા કેસવલાલ પુરશોતમ કપાલી
૧ શા શાકલચંદ બેહેચરદાસ	૨ શા દલપતરામ બકોરદાસ
૧ શા અંબાલાલ ગગલભાઇ	૧ શા મોતીલાલ માનચંદ
૧ જેઠાલાલ મલુકચંદ.	

લુણસા વાડો મોટી પોળ	સહાપુર કુવાવાળી પોળ
૫ સા. માણેકલાલ મોહોનલાલ.	
૨૫ સા. ડાહ્યાભાઇ દોલતરામ	૫ સા. રામચંદ શીવલાલ
૨૫ સા. ચમનલાલ ડાહ્યાભાઇ	૧ સા. નગીનદાસ મગનલાલ
૨૦ સા. મોહનલાલ દોલતરામ	૫ સા. ફુલચંદ આઇચંદ
૧૦ સા. જેસીંગભાઇ છોટાલાલ	૧ સા. નાથાલાલ ભગવાનજી
૧૦ સા. મણીલાલ પાનાચંદ	૨ સા. નગીનદાસ મગનલાલ
૫ સા. અચરતલાલ સાકરચંદ	૧૦ સા. ગગલદાસ રામચંદ
૫ સા. કેશવલાલ જમનાદાસ	૨ સા. ચુનીલાલ મલુકચંદ
૨ સા. હરજીવન જમનાદાસ	૧ સા. નગીનદાસ જેચંદ
૧૦ સા. શ્રી ભગુભાઇ ફુલચંદ	૧ સા. અમીચંદ લલુભાઇ
૧ સા. ફુલચંદ દલપતરામ	૧ સા. ચુનીલાલ સામળદાસ
૧૦ સા. શાકલચંદ બાલાભાઇ	૧ સા. મહોસનલાલ સામળદાસ
૧ સા. અચરતલાલ આશાસુખ	૧ સા. લલુભાઇ કાળીદાસ
૧ સા. ઇશ્વરલાલ દેશાઇભાઇ	૧ સા. ચકાભાઇ મગનલાલ

૧ સા. ગોભાઈ લખમીચંદ
૧ સા. વાડીલાલ મોહનલાલ
૧ સા. જેસીંગભાઈ ઉગરચંદ
૧ સા. મોહનલાલ અમીચંદ
૧ સા. મગનલાલ ત્રીભોવન
૧ સા. છોટાલાલ ફલસુખરામ
૧ સા. ચુનીલાલ મલુકચંદ
૧ સા. જમનાદાસ છગનલાલ
૧ સા. મુલચંદ ધનસા
૧ સા. વાડીલાલ કાળીદાસ
૧ સા. મણીલાલ હીરાચંદ
૨ સા. કેશવલાલ ધનસા.

ગામ મહીજબાર જ્ઞાનોદયના મેમબરો

૧ સા. મોહનલાલ નથુભાઈ
૧ સા. છોટાલાલ કુંવરજી
૧ સા. ત્રીભોવન મોતીચંદ
૧ સા. સોમચંદ સવચંદ
૧ સા. કચરાભાઈ ગલાબચંદ
૧ સા. ભુલાભાઈ લાલદાસ
૧ સા. ગીરધર મુલચંદ ભાવનગરી

૫ સા. મોહનલાલ મગનલાલ
૨૦ સા. સંભવજીન મંડળી
૧ સા. ચમનલાલ કસ્તુર
૧ સા. માણેકલાલ ઉગરચંદ
૧ સા. પ્રેમચંદ પુંજાભાઈ

દરવાજાનો ખાચો

૧૦ સા. કચરાભાઈ છગનલાલ
૫ સા. પ્રેમચંદ મનસુખ
૧ અંબાલાલ બલાખીદાસ

ફીકા ભટની પોળ

૧ મહેતા. ચીનુભાઈ જેઠાલાલ
૩ સા. શીવલાલ મનસુખરામ
૨ સા. ચતુરદાસ કાળીદાસ
૨ સા. ડાહ્યાભાઈ પીતાંબર
૧ સા. કેશવલાલ કસ્તુરભાઈ
૧ સા. રાજારામ ફુલચંદ
૧ સા. મોતીલાલ સાંકળચંદ
૧ સા. ગગલદાસ નથુભાઈ
૧ સા. ફકીરચંદ મગનલાલ
૧ સા. ચતુર મનસુખ

સારંગપર તળીયાની પોળ

૧ સા. મોહોસમલાલ વિમળચંદ
૧ સા. નરશીદાસ અમનાથ
૧ સા. ફુલજીરામ તારાચંદ

દેવસાનો પાડો

૨ સા. પુંજાભાઈ દલસુખરામ
૨ કેશવલાલ મહોલાલ
૧ સા. નગીનદાસ મહોલાલ
૧ સા. છગનલાલ હઠીસંગ

કાજી પટેલની પોળ

૫ સા. ડાહ્યાભાઈ સાંકળચંદ
૧ સા. બાલાભાઈ વખતચંદ
૧ સા. ડાહ્યાભાઈ નથુભાઈ
૧ સા. લહેરચંદ વખતચંદ

ફતાસાની પોળ

૨ સા. પોપટલાલ મગનલાલ
૧ સા. ડાહ્યાભાઈ પરસોતમ
૧ સા. જેચંદ મગનદાસ
૧ સા. ચુનીલાલ રણછોડ
૧ સા. ચુનીલાલ બેચરદાસ

૨ સા. મનસુખરામ બેચરદાસ
૧ સા. માણેકલાલ વાડીલાલ
૧ સા. નગીનદાસ દોલતરામ
૧ સા. છકડદાસ નથુભાઈ
૧ સા. મહાસુખરામ કસ્તુર

ઘના સુતારની પોળમાં દેરા
વાળી પોળમાં

૧૦ સા. અમરતલાલ સાંકળચંદ

સુનારાનો ખાંચો

૨ સા. શીવલાલ ગટોરદાસ
૧ સા. જમનાદાસ છગનલાલ
૧ સા. જુગલદાસ ડાહ્યાભા.
૧ સા. પ્રેમચંદ ચુનીલાલ

માંડવીની પોળ

૨ સા. મંગળદાસ બેચરદાસ
૧ સા. પોપટલાલ સાંકળચંદ

લાલાભાઈની પોળ

૧ સા. હરખચંદ સરચંદ
૧ સા. રતનચંદ મનસુખ
૧ સા. પોપટલાલ પુંજાભાઈ

જાહેર ખબર.

સર્વે સદગ્રહસ્થોને વિનંતી કરવામાં આવે છે જે આ ચોપડી જે ગ્રહસ્થોને મંગાવવાની મરજી હોય તેઓએ હમારા નીચેના ઠેકાણેથી મંગાવી લેવી, બાહાર ગામ વાળા ગ્રહસ્થોને ટપાલ ખરચ જુદુ પડશે એજ. નાટપેડ કાગળ લેવામાં નહીં આવે.

મળવાનું ઠેકાણું નીચે મુજબ.

જેસંગભાઇ ઉમેદરામ

તથા ડાહ્યાભાઇ મયાચંદ

અમદાવાદ સાહાપુર મંગળપારેખના ખાંચામાં